

શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીનું મુખપત્ર

# પરજિયા સોની સંદેશ

સર્વોનું... સુવર્ણ ગૌરવ

Email: sonisandesh1@gmail.com www.parajiyasoni.in

વર્ષ : ૩૪ અંક : ૯ પાના : ૨૪ તંત્રી : ભરત કે. સતિકુંવર સપ્ટેમ્બર – ૨૦૨૩ મૂલ્ય : રૂ.૧૨/–





## શિક્ષણ સમારંભ (રવિવાર, તા. ૦૧-૧૦-૨૦૨૩)

॥ જય શ્રી રાંદલ મા ॥

સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાયા અને તેમના ધર્મપત્ની
સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાયા (નાંદુરી) ના પુણ્ય સ્મરણાર્થે



સ્વ.જશોદાબેન ઓધવજીભાઈ વાયા



સ્વ.ઓધવજીભાઈ જેઠાભાઈ વાયા

'સોની સંદેશ' નિભાવ ફંડના મુખ્ય દાતા





સ્વ.ગોરધનદાસ ઓધવજીભાઈ વાયા



સ્વ.મગનભાઈ ઓધવજીભાઈ વાયા



# જ્ઞાતિ ગૌરવ

## જયરાજભાઈ કેતનભાઈ ધકાણ

B. Tech (Information & Technology)

જયરાજ કે. ધકાણ આત્મીય યુનિર્વસીટી રાજકોટથી B. Tech (Information & Technology) ની પરીક્ષા A- Grade First class (77.33%) સાથે પાસ કરીને સફળતા મેળવી આપણી સોની જ્ઞાતિ અને ધકાણ પરિવારનુ ગૌરવ વધારેલ છે.

એમની ઉત્તરોતર પ્રગતિ અને સફળ કારકિર્દી માટે હાર્દિક શુભેચ્છાઓ અને આશિર્વાદ.

**Jayraj. K. Dhakan successfully passed the B. Tech (Information & Technology) exam from Atmiya University - RAJKOT with A- Grade first class with 77.33%, making our Soni caste and Dhakan family proud.**

*Best wishes and blessings for his continued progress and successful career*

લી.

**શ્રી રાજ ગોલ્ડ**

**૨૧૨–૨૧૩ પન્ના માણેક કોમપ્લેક્ષ, પેલેસ રોડ, રાજકોટ**

શ્રી ભુપતભાઈ બી. ધકાણ (દાદાશ્રી)
શ્રી ભરતભાઈ બી. ધકાણ (દાદાશ્રી)
શ્રી જયેશભાઈ બી. ધકાણ (દાદાશ્રી)
શ્રી કેતનભાઈ બી. ધકાણ (પપ્પા)
શ્રી અમિતભાઈ બી. ધકાણ (કાકા)
ચિ. સંજનાબેન એ. ધકાણ (બહેન)

સ્વ. પ્રવિણાબેન બી. ધકાણ (દાદીશ્રી)
અ.સૌ. ભાવનાબેન ભરતભાઈ ધકાણ
અ.સૌ. રેખાબેન જયેશભાઈ ધકાણ
અ.સૌ. અંકિતાબેન કેતનભાઈ ધકાણ (મમ્મી)
અ.સૌ. વર્ષાબેન અમિતભાઈ ધકાણ (કાકી)
ચિ. દેવાંશીબેન એ. ધકાણ (બહેન)

**રાજકોટ**

સ્વ. શ્રી સુરેશભાઈ બાબુભાઈ સાગર
(નાનાજી, ડુંગર)
સ્વ. દીલીપભાઈ સુરેશભાઈ સાગર
(મામા, ડુંગર)

ગં. સ્વ. ગુલાબબેન સુરેશભાઈ સાગર
(નાનીજી, ડુંગર)
શ્રી લાલાભાઈ સુરેશભાઈ સાગર
(મામા, ડુંગર)

શ્રી મુંબઈ ઉપનગર
પરજિયા સહકારી સોસાયટી
(બોરીવલી)નું મુખપત્ર

પરજિયા
**સોની સંદેશ**

તંત્રી :
ભરત કે. સતિકુંવર

❖

પ્રકાશન સ્થળ
પરજિયા સોની સંદેશ
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ–૪૦૦ ૦૯૨.

❖

મુખપત્રના માલિક
શ્રી મુંબઈ ઉપનગર
પરજિયા સહકારી સોસાયટી
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ–૯૨.
ફોન : 022-2898 3905
022-2899 9097
ફોન : +91-93244 35547
Email: sonisandesh1@gmail.com

❖

મૂલ્ય : રૂા. ૧૨.૦૦

❖

મુદ્રણ સ્થાન
નવકાર કોમ્પ્યુટર્સ
દુકાન નં. ૯, ગુલમોહર સોસાયટી,
હરીશંકર જોશી રોડ,
દહિસર (ઈસ્ટ),મુંબઇ – ૬૮

આજીવન લવાજમના દરો :
ભારતમાં : રૂા. ૫૦૦/–
વિદેશમાં : રૂા. ૩૫૦૦/–
લવાજમ તેમજ જાહેરાતના ચેક 'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી' (Shree Mumbai Upnagar Parajiya Sahakari Society) ના નામે મોકલવા.


## આ અંકમાં વાંચશો...


- શ્રદ્ધા – અંધ શ્રદ્ધા – ધર્મ – સંસ્કૃતિ
- સુંદર વાસ્તુ
- શેર બજાર
- સંસ્કારના બીજ
- મારૂ ધ્યેય : વિચારોમાં ક્રાંતિ
- હાજર જવાબી
- ''પાંચી''
- ભેટ યાદી
- મિત્રતા


## પ્રતિજ્ઞા

સમાજનો દરેક માણસ સુશિક્ષિત, સંસ્કારી અને સુશીલ હોય,
સમાજનો દરેક માણસ સ્વાવલંબી અને સધ્ધર હોય,
સમાજનો દરેક માણસ એકબીજાને મદદ કરવા તત્પર હોય,
સમાજનો દરેક માણસ સુંદર વિચારોથી સમૃદ્ધ હોય,
એવા સમાજનું નિર્માણ કરવા અમો પ્રતિબધ્ધ છીએ.

– કારોબારી કમિટિ

'સોની સંદેશ'માં પ્રગટ થતી કૃતિઓ વ્યક્ત થતાં મંતવ્યો કર્તાના પોતાના છે અને અંકમાં પ્રકાશિત થતી કોઈપણ માહિતી–લેખ સાથે પ્રકાશક, તંત્રી તથા સહતંત્રી સહમત છે તેમ માનવું નહીં.

# સોની વાડીના મુખ્ય દાતાશ્રીઓ

★ એજ્યુકેશન ફંડ ★

શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)

★ ગુણવંત વિદ્યાર્થી વાર્ષિક ફંડ (હાયર એજ્યુ.) ★

શ્રી બાબુભાઈ શામળદાસભાઈ ધાણક (સાવલી) મુંબઈ
શ્રી ભૂપેશભાઈ હરગોવિંદભાઈ (બાબુભાઈ) ધકાણ (જામકા–દુબઈ)

★ આર્થિક સહાય ★

સ્વ. રતિભાઈ કરશનદાસ ધકાણ (સરસઈ), દુબઈ

★ કાયમી દાતા ★

શ્રી અનિલભાઈ વ્રજલાલભાઈ ધાણક (બગસરા)

★ સમૂહ લગ્ન ★

સ્વ. બાબુભાઈ લક્ષ્મણભાઈ ચોક્સી (જેતપુર), બેહરીન

★ વિકલાંગ સહાય ફંડ ★

સ્વ. મગનભાઈ લાખાભાઈ ધોરડા (બગસરા), મુંબઈ

★ નેત્રબિંદુ સહાય ફંડ ★

સ્વ. મગનલાલ કાનજીભાઈ જીણાદ્રા (રાજુલા), મુંબઈ

★ મેડીકલ સહાય ફંડ ★

સ્વ. માધવજીભાઈ પ્રભુદાસભાઈ ધકાણ (ગઢડા), મુંબઈ
સ્વ. શાંતાબેન માધવજીભાઈ ધકાણ પરિવાર

★ સોની સંદેશ નિભાવ ફંડ ★

સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા (નાંદુરી), નૈરોબી
સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા

★ સોની સંદેશ નિભાવ ફંડ સહયોગી દાતા ★

સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ (જામકા), દુબઈ
સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

★ આકસ્મીક સહાય ફંડ ★

સ્વ. રતીલાલ દેવરાજભાઈ થડેશ્વર (મોટા દેવળીયા)
ગં. સ્વ. ભાનુબેન રતીલાલ થડેશ્વર

વધુ વિગત માટે સંસ્થાની બેલેન્સ શીટમાં વર્ણવેલ મર્જર અકાઉન્ટ ને ધ્યાનમાં લેશો.

## તંત્રીના સથવારે...

### શ્રદ્ધા – અંધ શ્રદ્ધા – ધર્મ – સંસ્કૃતિ

(આ લેખ ફક્ત ને ફક્ત ધર્મના નામે પોતાની દુકાન ચલાવે છે એના સંદર્ભમાં છે)

આજકાલ આપણે જોઈ અને વાંચી રહ્યા છે કે હિન્દુઓમાં ધર્મના નામે એક પછી એક વિવાદ ઊભા થઈ રહ્યા છે ત્યારે એક વાત સાબિત થાય છે કે શ્રદ્ધા અને અંધ શ્રદ્ધા લોકોમાં એક સરખા પ્રમાણમાં છે. આપણે સવારે સ્નાન કરીને ભગવાનની પૂજા અને દીવા બત્તી કરીએ છે. એ સાથે પરિવારને સાજા – નરવા રાખે એની પ્રાર્થના કરીએ છે. કારણ કે આપણને શ્રદ્ધા છે. જ્યારે બીજો વર્ગ જે મંદિરમાં જશે ભગવાનની મૂર્તિ સામે ઓફર મૂકશે કે મારું આ કામ કરાવી દો હું મીઠાઈ / નારિયેળ ચડાવિશ તો આ અંધશ્રદ્ધા કહી શકાય છે. ભગવાન કંઈ લેવા નથી બેઠા સામે જે મૂર્તિ છે એ નિર્જીવ છે પણ તમારા હૃદયમાં ભગવાન છે. એવું ધ્યાનમાં રાખી મહેનત કરો સારા કર્મો કરો એટલે સફળતા તમારે દરવાજે જ ઊભી છે.

સહુ પ્રથમ એક વાત સમજવી કે ઈશ્વર પાસે માંગવા ન જવાય માર્ગદર્શન લેવા જવું જોઈએ. કારણ કે આપણે જેમની પણ પૂજા કરીએ છે એ પછી પ્રભુ શ્રી રામ, દેવોના દેવ મહાદેવ, શ્રી કૃષ્ણ કે માતાજી એ સર્વે કોઈ ને કોઈ સંદેશ અને જીવન જીવવાની પ્રેરણા આપે છે.

જો જીવનમાં સફળતા મેળવવી હોય તો દિવસના ૧૨ કલાક એટલે કે સવારથી રાત્રી સુધીનો જે સમય છે એમાં થોડો સમય ભગવાનની પૂજા, પરિવાર સાથે રહેવું અને વધુ સમય આપણા વ્યવસાય કે નોકરીમાં મહેનત કરવી. વારે તહેવારે હોમ / હવનમાં જરૂર ભાગ લેવો જોઈએ.

આજના સમયમાં અનેક કથાકારો કરોડો રૂપિયા લઈને ભગવદ્ કથા, શ્રી રામ કથા કરે છે અને જાહેરાત કરે કે આ કથાકાર (જેમને બાપુ ક્યારેય ન કહેવા) એક રૂપિયો નથી લેતા તો એ વાક્ય સમજવું ધ્એક રૂપિયો નથી લેતા પણ કરોડો તો જરૂર લે છે. ઘરે નાના બાળકો કે ઘરડા ચા નાસ્તો વિના ટળવળતા હોય અથવા વૃદ્ધાશ્રમમાં રહેતા હોય અને કથામાં જ્ઞાન લેવા જવું કે શ્રવણે માતા પિતાની સેવા કેવી રીતે કરી. એક કથાકાર તો એવા દાખલા આપે કે ધ્હું વિદેશમાં ગયો ત્યાં એક ભાઈએ બંગલો દેખાડ્યો પછી બાથરૂમ બતાવ્યોદ આ સાંભળવા તમે જાવ છો.

ભગવાનમાં શ્રદ્ધા રાખો તેમની ભક્તિ કરો સારા વિચારો સાથે ઊર્જાનું નિર્માણ થશે અને જીવન જીવવાની મજા આવશે. બાકી રામ કથાના નામે ફક્ત ને ફક્ત દૃષ્ટાંતો આપતા કથાકારો પાછળ જીવનના અમૂલ્ય કલાકો નહી બગાડો. આ પણ અંધશ્રદ્ધામાં આવે છે

આપણા ગ્રંથોમાં બધો ઉલ્લેખ છે એ વાંચો કોઈ કથાકાર કહે એ સંભળવવા જવું એનાથી સારું ઘરમાં સમય મળે ત્યારે ભગવદ્ ગીતા કે રામાયણનું વાંચન કરો તો ઘરના વૃધ્ધો જે ન વાંચી શકતા હોય એમને પણ ગમશે એમનું મન પ્રફુલ્લિત રહેશે એ સાથે બાળકો કે યુવાનો થોડું પણ સાંભળશે તો આપણા ધર્મથી જોડાઈને રહેશે.

હિન્દુ ધર્મ એટલે વિશ્વનો સહુથી પવિત્ર અને મજબૂત ધર્મ જેમાં અનેક તહેવારો છે અને દરેક તહેવારોમાં એક સંદેશ અને વૈજ્ઞાનીક કારણ પણ હોઈ છે જે આપણે સહુએ સમજવું જોઈએ તો જીવન જીવવામાં ઘણી મજા આવશે.

(ગુલામી વાળી માનસિકતા છે ત્યાં સુધી આપણે ૩૧ ડિસેમ્બર મનાવશું અને જન્મદિવસ નિમિતે રાત્રીના ૧૨.૦૦ વાગે કેક કાપશું. પરંતુ રક્ષા બંધન કે કોઈપણ તહેવારમાં કપાળે તિલક લગાવવામાં આવે છે એ તુરંત કાઢી નાખીશું.)

અંગ્રેજી ભાષા ને વ્યવહાર માટેની એક વ્યવસ્થા કહી શકો તો તેનો ઉપયોગ ચોકકસ થવો જોઈએ પરંતુ એના ગુલામ નહી બનો...

*– ભરત કે. સતીકુંવર*

## –: અગત્યની સુચના :–

**‘સોની સંદેશ’ ના સભ્યોને જણાવવાનું કે સોનીવાડી કાર્યાલયમાંથી દર મહિનાની ૨૦ તારીખે ‘સોની સંદેશ’ પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. જે સભ્યોને ‘સોની સંદેશ’ મેળવવામાં મુશ્કેલી આવી હોય તેમણે તેમના વિસ્તારની પોસ્ટ ઓફિસમાં ફરિયાદ નોંધાવવા વિનંતી.**

---

**દરેક જ્ઞાતિબંધુઓ સહિત સંસ્થાઓને વિનંતી સાથે જણાવવાનું કે આપના તરફથી ‘સોની સંદેશ’ માં પ્રસિધ્ધ કરવા જે વિગતો આપવામાં આવે છે તે આપની સંસ્થાના લેટર પેડ ઉપર સ્વીકારવામાં આવશે તેમજ પ્રાસંગિક ફોટો કે લખાણ વોટસેપ ઉપર સ્વીકારવામાં આવશે નહી જેની નોંધ લેશો.**

હવે ‘સોની સંદેશ’ ડીજીટલ ફોર્મેટ માં વેબસાઈટ પર **www.parajiyasoni.in**


આપણા સમાજના જરૂરીયાત મંદ પરિવારો માટે લગ્ન અને અન્ય પ્રસંગો માટે આપણી વાડી નિઃશુલ્ક (ફ્રી) સંસ્થાના નિયમોનુસાર આપવામાં આવે છે. વધુ માહિતી માટે સંસ્થાના કાર્યાલયની મુલાકાત લેવી

શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીના સહયોગથી સમાજ માટે સમાજની હેલ્પ લાઈન.

વધુ માહિતી માટે સંપર્ક
ભરત કે. સતીકુંવર
મોબાઈલ
954 954 3395

## સુંદર વાસ્તુ

### હાર્ટ વાલ્વની સમસ્યા થવાનુ કારણ અને તેના ઉપાય



કારણ અને તેનો ઉપાય – ૧
જો કોઈને પણ વાલ્વની સમસ્યા છે અને તેમના ઘરના અથવા ઓફીસના બારણા / દરવાજા ગોળ, અથવા બારસાખ ગોળ, અડધા ગોળ, કે અંડાકાર આકારના હોય તો તરત જ તેમના દરવાજા બદલી નાખવા. અને તે દરવાજા અથવા ફ્રેમ નો આકાર ચોરસ અથવા લંબચોરસ આકારમાં બદલી નાખવો.

કારણ અને તેનો ઉપાય – ૨
જો કોઈને પણ વાલ્વની સમસ્યા છે, અને તેમના ઘર અથવા ઓફીસમાં વોશરૂમ મા પોટ ઉત્તર અથવા પૂર્વ દિવાલ પર છે એટલે વાપરતી વખતે તેમનો સામનો દક્ષિણ અથવા પશ્ચિમમાં થાય તો તરતજ પોટ બદલી નાખવો અને તેને દક્ષિણ અથવા પશ્ચિમની દિવાલ પર બેસાડવો જેથી બેસનાર નો સામનો ઉત્તર અથવા પૂર્વ તરફ થાય.

કારણ અને તેનો ઉપાય – ૩
જો કોઈને પણ વાલ્વની સમસ્યા છે, અને જો તે ઘરમાં કે ઓફીસમા બ્રહમસ્થાન ઉત્તર કે પૂર્વના ખૂણામાં અથવા પૂર્વ કે ઉત્તરના કેન્દ્રમાં ભારે ભાર મુકયો હોય તો પછી તે તરત જ દૂર કરી અને બીજી જગ્યા પર મુકવુ.

કારણ અને તેનો ઉપાય – ૪
જો કોઈને પણ વાલ્વની સમસ્યા છે, અને જો તે ઘરમાં કે ઓફીસમા ઉત્તરપૂર્વ ખૂણામાં અથવા ઉત્તર કે પૂર્વના કેન્દ્રમાં ઓવરહેડ ટાંકી હોય તો તે તરત જ દૂર કરી અને બીજી જગ્યા પર મુકવુ.

– ડૉ. નિલેશ એન. શાહ
મોબાઈલ : 9821148571

## શેર બજાર




નિફ્ટી ફીફ્ટીએ એક દિવસના કરેક્શન પછી ફરી બાઉન્સબેક કર્યું. ૧૩ સપ્ટેમ્બરના રોજ પ્રથમ વખત ૨૦,૦૦૦ના સાયકોલોજિકલ માર્કથી ઉપર બંધ થયો હતો, જેને બેંકોનું સમર્થન મળ્યું હતું. આથી, જો ઈન્ડેક્સ નિર્ણાયક રીતે ૨૦,૧૦૦થી ઉપર પાછા ફરવામાં વ્યવસ્થાપિત કરે અને તે જ ધરાવે છે, તો ૨૦,૫૦૦ તરફ ધીમે ધીમે વધવાની શક્યતા નકારી શકાતી નથી, ૧૯,૯૦૦/૧૯,૮૦૦ નુ સ્તર સપોર્ટ તરીકે કામ કરી શકે છે.

ઈન્ડેક્સે દૈનિક ચાર્ટ પર બુલિશ કેન્ડલસ્ટિક પેટર્ન બનાવી છે, પરંતુ પાછલા દિવસની ટ્રેડિંગ રેન્જમાં વ્યાપકપણે ટ્રેડીંગ થયુ.

નિફ્ટી૫૦ ફ્લેટ ૧૯,૯૯૦ પર ખુલ્યો હતો અને સવારે વોલેટિલિટી વચ્ચે ૧૯,૯૪૪ સુધી સુધાર્યો હતો. ઈન્ડેક્સે મોડી સવારના સોદામાં મજબૂતી મેળવી અને અપટ્રેન્ડને લંબાવ્યો કારણ કે દિવસ ૨૦,૦૯૭ની ઈન્ટ્રા–ડે હાઈએ પહોંચ્યો હતો. અંતે, તે ૭૭ પોઈન્ટ વધીને ૨૦,૦૭૦ પર સ્થિર થયો હતો.

દૈનિક ચાર્ટ પર વાજબી હકારાત્મક કેન્ડલસ્ટિકની રચના થઈ છે, જે મંગળવારની નકારાત્મક કેન્ડલસ્ટિકની બાજુમાં બની હતી. તકનીકી રીતે, બજારની આ ક્રિયા સૂચવે છે કે બુલ્સ હજુ પણ સક્રિય છે.

જો કે, વેચાણનું દબાણ ૨૦,૧૦૦ની નજીકના સ્તરોથી ઉભરી રહ્યું છે, તેમ છતાં નવી ઊંચાઈએ કોઈ ટોચની રિવર્સલ પેટર્ન રચાય તેની કોઈ પુષ્ટિ નથી. પરંતુ, ૨૦,૧૦૦–૨૦,૧૫૦ના સ્તરો ઉપર નિર્ણાયક ઉપરની ચાલ નજીકના ગાળામાં ૨૦,૩૫૦–૨૦,૪૫૦ના સ્તરો તરફ વધુ અપસાઈડ લાવવાની ધારણા છે, તાત્કાલિક સપોર્ટઝોન ૧૯,૯૦૦ ના સ્તરે છે.

ઓપ્શન ડેટા દર્શાવે છે કે આગામી સત્રોમાં ૨૦,૧૦૦–૨૦,૫૦૦ પ્રતિરોધક ક્ષેત્ર બનવાની ધારણા છે, જેમાં ૧૯,૯૦૦ પર સપોર્ટ છે.

મહત્તમ સાપ્તાહિક કોલ ઓપન ઈન્ટરેસ્ટ ૨૦,૧૦૦ સ્ટ્રાઈક પર જોવામાં આવ્યું હતું, ત્યારબાદ ૨૦,૨૦૦ અને ૨૦,૫૦૦ સ્ટ્રાઈક્સ પર, અર્થપૂર્ણ કોલ રાઈટિંગ સાથે ૨૦,૨૦૦ સ્ટ્રાઈક્સ પર, પછી ૨૦,૩૦૦ સ્ટ્રાઈક પર, જ્યારે મહત્તમ પુટ ઓપન ઈન્ટરેસ્ટ ૧૯,૯૦૦ની સ્ટ્રાઈક અને ત્યારબાદ ૨૦,૦૦૦ની સ્ટ્રાઈક પર જોવામાં આવ્યું હતું.

### બેંક નિફ્ટી

બેન્ક નિફ્ટીમાં પણ પાછલા સત્રમાં કરેક્શન જોયા બાદ બાઉન્સ બેક થયો હતો અને ૩૯૮ પોઈન્ટ વધીને ૪૫,૯૦૯ પર બંધ થયો હતો. ઈન્ડેક્સે લાંબી બુલિશ કેંન્ડલસ્ટિક પેટર્નની રચના કરી છે, જે દૈનિક સમયમર્યાદામાં બુલિશ એન્ગલ્ફિંગ પ્રકારની પેટર્નની રચનાને કંઈક અંશે મળતી આવે છે, જે કાઉન્ટરમાં વધુ અપસાઈડની શક્યતા દર્શાવે છે.

આ કેન્ડલસ્ટિક પેટર્ન અગાઉના બેરિશ સેન્ટિમેન્ટના સંભવિત પલટાને દર્શાવે છે. ઈન્ડેક્સ માટે સપોર્ટ હવે ૪૫,૭૦૦–૪૫,૬૦૦ની રેન્જમાં સ્થાપિત થયો છે, જે બુલ્સ માટે મજબૂત સપોર્ટ લેવલ દર્શાવે છે.

આગળ જોઈએ તો ૪૬,૦૦૦ માર્કસ પર ઉલટાનું તાત્કાલિક અવરોધ આવેલું છે. આ સ્તરથી ઉપરનો સફળ બ્રેક આઉટ ૪૬,૩૦૦ અને ૪૬,૬૦૦ના સ્તરે સંભવિત લક્ષ્યાંકો સાથે, વધુ ઉપરની ગતિ માટે માર્ગ મોકળો કરશે, વ્યાપક બજારોના મોરચે, નિફ્ટી મિડકેપ ૧૦૦ અને સ્મોલ કેપ ૧૦૦ સૂચકાંકો પણ પાછલા સત્રમાં ઊંડા ઘટાડા પછી ફરી વળ્યા, વધી રહ્યા છે.

**– ગાયત્રી કન્સલટન્ટ (મોબાઈલ : 9869007800)**

**DR. RASHMI R GANDHI,** PhD., PG M.com. in Technical Analysis

Disclaimer : The recommendations made herein do not constitute an offer to sell or a solicitation to buy any of the securities. Readers using the information contained herein are solely responsible for their actions. Information is obtained from sources deemed to be reliable but is not guaranteed as to accuracy and completeness.

## સંસ્કારના બીજ

કરોડપતિ શેઠ ચંદ્રકાંતભાઈનો ભવ્ય બંગલો હતો. પરિવારમાં પત્ની સુધાબેન, દસ વર્ષની દીકરી પ્રિતી અને બાર વર્ષનો દીકરો સૂરજ હતા. ચંદ્રકાંતભાઈ તો આખો દિવસ ધંધામાં વ્યસ્ત રહેતા વધારે રૂપિયા કમાવવા હોય તો સમય પણ વધારે આપવો પડે. પત્ની સમજદાર હતી તેથી તેમને ઘરની ચિંતા નહોતી.

રોજની જેમ આજે પણ સવારના છ વાગ્યા હતા. સુધાબહેન બન્ને સંતાનોને ઉઠાડવા આવ્યા.

સુધાબહેન : પ્રિતી, સૂરજ ચલો બન્ને જણા હવે ઉઠી જાવ. છ વાગી ગયા છે નાહી ધોઈને તમારે બન્ને જણાએ પૂજા પણ કરવાની છે.

પ્રિતી : શું તું પણ મમ્મી? રોજ સવારે છ વાગ્યા નથી કે અમને ઉઠાડવા આવી નથી. આટલી સવારે જલ્દી ઉઠવાનું અને પાછી પૂજા પણ કરવાની. આ બધુ અત્યારથી કરવાની કઈ અમારી ઉંમર નથી. મોટા થયા પછી બધુ કરવાનું જ છે ને ? અત્યારે તો અમને શાંતિથી સૂવા દે.

સુધાબહેન : આપણા ગાર્ડનમાં જામફળનો છોડ વાવ્યો છે. હવે તો તે મોટો પણ થઈ ગયો છે. ચાલ હવે આપણે એમાં જામફળના બીજ વાવવાના છે.

પ્રિતી : તું પણ કેવી વાત કરે છે મમ્મી ? છોડ કેટલો મોટો થઈ ગયો છે હવે કંઈ એમાં બીજ થોડા રોપી શકાય. બીજતો પહેલાં જ રોપી દેવા પડે.

સુધાબહેન : હવે તને સમજ પડી તમારામાં સારા સંસ્કારના બીજ અત્યારથી જ રોપવા શામાટે જરૂરી છે. જીવનમાં દરેક કામનો એક સમય હોય છે. સમય નીકળી ગયા પછી કોઈ વાતનો મતલબ રહેતો નથી. પ્રિતી અને સૂરજને ઘરના નાના મોટા કામ પણ કરવા પડતા હતા. જો કે ઘરમાં નોકર ચાકરની કોઈ કમી નહોતી.

સૂરજ : મમ્મી, આપણા ઘરમાં કેટલા નોકરો છે એમની પાસે તારે કામ કરાવવા જોઈએ ને. અમારી પાસે શામાટે કામ કરાવે છે?

સુધાબહેન : તમારા પપ્પા પૈસાદાર છે એટલે એનો મતલબ એમ નથી થતો કે તમે લોકો એશો આરામથી જીવો. સમય અને સંજોગો હંમેશા બદલાય છે. માણસે દરેક પરિસ્થિતિ માટે હંમેશા તૈયાર રહેવુ જોઈએ. તને મેં કાલે આપણા ગાર્ડનમાં છોડને પાણી પીવડાવવાનુ કહયુ હતુ. તે એ કર્યુ?

સૂરજ : સોરી, મમ્મી એ તો હું કાલે નવી વિડિયો ગેમ રમતો હતો એટલે ભુલી ગયો.

સુધાબહેન : જોયું સૂરજ, પ્રિતી તમારી ઉંમર પ્રમાણે અત્યારથી જ જવાબદારીઓનું ભાન થવું જરૂરી છે. જેથી મોટા થતા તમે આ બાબતનું મહત્વ સમજો. જવાબદારી એક એવી ફરજ છે જો તમે ઈમાનદારીથી કષ્ટો વેઠીને પણ પૂરી કરો તો જીવનમાં ઘણી સમસ્યાઓને તમારાથી દૂર રાખી શકશો.

જીવનની મોટા ભાગની સમસ્યાના મૂળમાં જવાબદારી પ્રત્યે બેદરકારી હોય છે. પછી એ કોઈ પણ ક્ષેત્ર હોય કે કોઈપણ પદ હોય.

ભાવાર્થ : સંતાનો મોટા થઈને બગડી જાય પછી એમને સુધારવા ઘણી મહેનત કરવી પડે છે. પણ તેઓ બગડે નહી એનું ધ્યાન જો તેમના નાનપણથી જ રાખવામાં આવશે તો ઓછી મહેનત પડશે.

– શ્રુતિ આર. ધકાણ (૯૭૨૬૭ ૨૫૮૬૦)

## મારૂ ધ્યેય : વિચારોમાં ક્રાંતિ

જે લોકો નિયમીત સમાચાર પત્ર વાંચતા હશે તેઓને જાણ હશે જ. નિતીન દેસાઈ, કરોડોનું દેવુ અને આત્મ હત્યા, મહાન આર્ટ ડીરેકટર. આ ચાર શબ્દોમાં બધી જ માહિતી સમાઈ જશે. કેટલાય સવાલોના જવાબ મેળવ્યા વગર જ આંખના પલકારામાં જ પોતાની જાતને કાતમ કરી નાખવી. શું પરીવારના કોઈ પણ સભ્યને માનસિક હાલત નહી ખબર હોય ???

જે પણ હોય ઈશ્વર તેમની આત્માને પરમ શાંતિ આપે.

હવે સવાલ તે ઉઠે છે કે આપણો આ દેહ શું તેની કોઈ કિંમત જ નથી. એક સમય હતો ત્યારે લોકોનો આઈ કયુ લેવલ કેટલો છે તે જોવાતું પરંતુ હવે આઈ કયુ લેવલ કેટલો છે તે જાણવુ જરૂરી બની ગયુ છે. તમારૂ મગજ દીલ કેટલુ પ્રેશર હેંડલ કરી શકે છે તે જાણવુ જરૂરી છે. હાલનો જે સમય ચાલી રહયો છે તે જોરદાર હરીફાઈનો છે. લગભગ ઘણો ખરો યુવા વર્ગ આમા શામિલ છે તે બધાને જ પ્રથમ સ્થાન પર આવવુ છે. મેં પહેલા પણ કહયુ છે અને આજે પણ કહુ છુ કે હરીફાઈ બીજા કોઈ સાથે નહી પણ તમારી પોતાની જાત સાથે કરવી જરૂરી છે. જે તમારામાં છે તે બીજા કોઈમાં નથી. શામાટે બધા ઘેટા જાય તેની પાછળ પાછળ ચાલવુ છે. પોતાનો એક અલગ જ માર્ગ બનાવવાની હિંમત શા માટે નહી? સીધા રસ્તા પર બધા સડસડાટ ચાલી બતાવશે. આડી તેડી વાંકીચૂકી પથરાળ જમીન પર ચાલીને જ વ્યકિતની શકિત બહાર આવશે અને નીખરી ઉઠશે.

દેવી દેવતા જેટલા પૂજનીય છે તેટલુ જ પૂજનીય તેઓ રહે છે તે મંદીર છે. તેવી જ રીતે આપણો આત્મા જે દેહની અંદર રહે છે તે દેહ પણ એટલો જ પૂજનીય છે કારણકે આ દેહ છે ત્યારે જ આપણી બધી ઈન્દ્રિયો દ્વારા આપણી ભાવના વ્યકત કરી શકીએ છીએ. પરસ્પર લાગણીઓ વ્યકત કરી શકીએ છીએ. આપણા શરીરનું એક પણ અંગ અટકે છે ત્યારે આપણને તેની કિંમત શું છે. તે ખબર પડે છે. અનમોલ છે આ દેહ. આત્મા અજર છે, અમર છે, અવિનાષી છે. બધુ જ જાણીએ છીએ પરંતુ એક પલ માટે વિચારો કે આ દેહ નથી તો તે આત્માને ખુશી ખુશી આપણે મળી શકીશું ? બિલ્કુલ નહી. કારણકે ઘણા ડરો આપણી અંદર હોય છે. સાચુ ખોટુ ખબર નથી પણ આવુ કાંઈક હોય છે.

કહેવાનો ભાવાર્થ એટલો જ કે આપણા દેહને, દેહના દરેક અંગોને હલ્કામા આપણે ટેકન ફોર ગ્રાંટેડ ન લઈ શકીએ. આત્માને રહેવા માટે ઈશ્વરે આ દેહ રૂપી મંદિર આપ્યુ છે જે આપણે હંમેશા સ્વચ્છ રાખવાનું છે, આપણા સુંદર વિચારોથી. પ્રેમ, દયા, માયા, કૃતજ્ઞતા, કરૂણાના ભાવથી. કેટલીય યોનીમાંથી પસાર થયા બાદ આ મનુષ્ય દેહ ઈશ્વર આપે છે. ઈશ્વર કહે છે હું તમારો સાથ કયારેય નથી છોડતો પણ આમ આત્મ હત્યા કરી તમે મારો હાથ છોડી ચાલ્યા જાઓ છો. આનો મતલબ છે તમને ઈશ્વરમાં પૂરતો વિશ્વાસ નથી. ઈશ્વર પણ તેની જ કસોટી કરે છે જેમા તેને વિશ્વાસ છે કે આ મારી કસોટીમાં પાર પડશે પણ ઘણા લોકો ઈશ્વર પ્રત્યેનો આ વિશ્વાસ ખોઈ બેસે છે અને હંમેશા માટે ભવોભવનાં અંધકારમાં ખોવાય જાય છે.

જીવનની એવી કોઈ પણ સમસ્યા નથી કે જોનો કોઈ ઉપાય ન હોય. જો તમે તકલીફમાં છો? મુંજાએલા છો ? હિંમત હારી ગયા છો ? તો ઈશ્વર પર વિશ્વાસ રાખો કે ઈશ્વર જે કરે છે તેમા તમારૂ સારુ છે. પણ આપણને એવુ લાગે છે કે આપણુ ખરાબ થયુ. આ દુનિયામાં કોઈક તો એવુ હશે કે જેની સાથે તમે તમારૂ દુઃખ વહેચી શકો.. અને નથી તો ઈશ્વર તો છે જ ને ?

જો સાચા મનથી ઈશ્વરની પ્રાર્થના કરવામા આવે તો કોને ખબર કયા રૂપમાં કયાંથી ઈશ્વર તમને મદદ કરવા પહોચી જશે. ભૂતકાળમાં ઈશ્વરના સાક્ષાત્કારના હજારો ઉદા. રહયા છે. જયારે પણ એક સાચા ભકતને તકલીફ પડી છે ત્યારે કોઈના કોઈ રૂપે

## મારૂ ધ્યેય : વિચારોમાં ક્રાંતિ

તેની મદદ કરવા ઈશ્વર હાજર રહયા છે. પણ તેની માટે ઈશ્વરમાં અપાર વિશ્વાસ અને અતૂટ શ્રધ્ધા હોવી જોઈએ.

આપણા સુખદુઃખના જવાબદાર આપણે પોતે જ છીએ. આપણા ભૂતકાળના કર્મો જ આપણને જીવનમાં સુખ અને દુઃખ આપે છે. પરમાત્મા નહી. સંત કબીર કહે છે

काया खेत किशान मन, पाप पुन्न दो बीव ।

बोया लूनै आपना, कसकै जीव ।।३।।

આનો અર્થ થાય છે કે શરીર ખેતર છે તો મન ખેડૂત છે. પાપ અને પુણ્ય બંને બીજ સ્વરૂપ છે. જે પણ બીજ વાવવામાં આવે છે, તેનું ફળ લણવામાં આવે છે, એટલે કે જે પ્રમાણે ક્રિયા કરવામાં આવે છે, તે પ્રમાણે જ ફળ મળશે. જો લાલચને કારણે પાપ કરવામાં આવે છે, તો આત્મા ચોક્કસપણે પીડાય છે.

મારી અત્યાર સુધીની જીવન યાત્રા જે હમેશા ઈશ્વરના માર્ગદર્શનથી ચાલે છે. હું મારા જીવનમાં કયારે પણ એકલી નથી. ઈશ્વર હર પલ હર ક્ષણ મારી સાથે જ છે જે મને માર્ગદર્શન આપે છે. અંતમાં આત્મા જેટલો જ આ દેહ પણ પૂજનીય છે. આપણો દેહ ઈશ્વરની શ્રેષ્ઠ રચના છે અને ઈશ્વર દ્વારા અપાએલી મનુષ્યને અનમોલ ભેટ છે તેની કાળજી લેવી આપણી જવાબદારી છે.

વધુ આવતા અંકમાં...

– નિતા જયપ્રકાશ સુરૂ


## કોમ્પ્યુટર સાક્ષરતા – સેવા યજ્ઞ અભિયાન

**સમાજ માટે રજુ કરે છે રાહત દરે કોમ્પ્યુટર સાક્ષરતા અભિયાન**

કોમ્પ્યુટર શીખવુ એ આજના સમયની એક અગત્યની જરૂરીયાત છે,
અને સ્વાવલંબી બનવા નો ઉત્તમ રસ્તો પણ. તમે કોમ્પ્યુટર શીખી કેરીયર નું ઘડતર કરી શકો.
એ હેતુ થી નીચે મુજબ રાહત દરે કોમ્પ્યુટર શિક્ષણ અભિયાન શરૂ કર્યું છે.

**Basic Computer Course - 2100/- | Tally Prime - 5100/-**
**Desktop Publishing (DTP) - 5500/-**

વધુ માહિતી માટે સંપર્ક :

**બીનીતા કાગડા શાહ - 9833293535**

# શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીના માધ્યમથી સમાજના વિકાસમાં મહત્વપૂર્ણ અને અમુલ્ય યોગદાન આપનાર સમાજના અગ્રણીઓનો અંતઃકરણથી આભાર

















# શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીના માધ્યમથી સમાજના વિકાસમાં મહત્વપૂર્ણ અને અમુલ્ય યોગદાન આપનાર સમાજના અગ્રણીઓનો અંતઃકરણથી આભાર

















# શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીના માધ્યમથી સમાજના વિકાસમાં મહત્વપૂર્ણ અને અમુલ્ય યોગદાન આપનાર સમાજના અગ્રણીઓનો અંતઃકરણથી આભાર

















સત્યમેવ જયતે

**ભૂપેન્દ્ર પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તા. ૨૧-૦૮-૨૦૨૩

## સંદેશ

સહિયારા – સામાજિક વિકાસની ઊંડી અસર સમાજના પ્રત્યેક પરિવાર સુધી પહોંચવાની ક્ષમતા ધરાવતી હોય છે, જ્યારે એકાકી પ્રયત્નો થકી પરિણામોની અસર છૂટી – છવાઈ થઈ જતાં પ્રમાણમાં ઓછી સફળ થાય છે. આથી જ આપણા પૂર્વજોએ **'સંઘે શક્તિ'** જેવા ઉમદા વિચાર આપણી સમક્ષ રજૂ કર્યા છે. સોની પરિવારોએ વિશ્વમાં અનેક જગ્યાએ સ્થાયી થઈ સ્વયંનો અને સમાજનો વિકાસ સાધ્યો છે જે ગૌરવપૂર્ણ બાબત છે.

**શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી** સંચાલિત **સોની** વાડીને ૬૦ વર્ષ પૂરાં થયેલ છે, તે નિમિત્તે તા. ૨૯ જુલાઈ, ૨૦૨૩ના રોજ ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું તે સંપન્ન થયું હશે.

આવી સકારાત્મક પ્રણાલી થકી વધુ મહેનત કરવા અને ઉત્તરોત્તર પ્રગતિ કરવા માટેનું પ્રેરકબળ મળી રહેતું હોય છે. પરિવારો માટે એક-મેક સાથેનો પરિચય ગાઢ સંબંધમાં પરિણમે તથા સુખની ક્ષણો બમણી કરવામાં અને દુ:ખની ક્ષણો અડધી કરવામાં સહુ એક સાથે ઊભા રહે તેવી શુભકામના. મંડળના સભ્યો તથા સંલગ્ન જ્ઞાતિ બંધુઓને અભિનંદન પાઠવું છું.

આપનો,

(ભૂપેન્દ્ર પટેલ)

To,
**Shree Vijaybhai H. Satikunwar,** President
Shree Mumbai Upnagar Parajiya Sahakari Society,
Soni Wadi Chowk, X Lane, Off S. V. Road,
Borivali (West), Mumbai (Maharashtra) – 400092.
Email: sonisandesh1@gmail.com

apro/2023/08/21/ps

## હાજર જવાબી

નૌસેનામાં બઢતી આપવાની જાહેરાત થતાં અનેક સૈનિકોએ ઉત્સાહપૂર્વક એમાં ભાગ લેવાની તૈયારી તો બતાવી પરંતુ ઊંડે ઊંડે એવો ડર હતો કે ઈન્ટરવ્યૂમાં મોટા મોટા અધિકારીઓ અઘરા પ્રશ્નો પૂછશે. એ અટપટા પ્રશ્નોના ઉત્તર આપી શકાશે ? આમ વિચારીને ઘણા સૈનિકોએ ઉમેદવારી પાછી ખેંચી લીધી. પણ એક ઉત્સાહી યુવક ઈન્ટરવ્યૂ આપવા થનગની ઉઠયો.

અલ્યા સોનાની જાળ પાણીમાં શું કરવા નાંખે છે. ? અંદરખાને તો એવુ જાણવા મળ્યું છે કે આ ઈન્ટરવ્યુ તો ખાલી તૂત છે. એક સૈનિકે ઉત્સાહીને ઢીલો પાડવા ભડકાવ્યો. એવા એવા વાહીયાત સવાલ પૂછશે કે તને ગૂંચવી નાખશે. બીજા સૈનિકે ટાપશી પૂરાવી. પણ એણે મક્કમ નિર્ધાર કર્યો હતો કે ગમે તેવા ચમરબંધીઓ ઈન્ટરવ્યુ લેવા બેસે અને ગમે તેવા અટપટા સવાલો પૂછે. પણ લગીરે હિંમત હારવી નથી.

નિર્ધારિત દિવસે એ યુવાન ઈન્ટરવ્યુને સ્થળે પહોંચી ગયો. ઈન્ટરવ્યુ કમીશનના અધ્યક્ષે તેને અંદર બોલાવ્યો. ઈન્ટરવ્યુ લેવા પાંચ સભ્યો બેઠા હતા. એક પછી એક અધિકારીએ પ્રશ્નો પૂછવા માંડયા યુવકે દરેકને સંતોષકારક ઉત્તરો આપ્યા. કોઈ ગંભીર અને અટપટા સવાલનો ઉત્તર ન આવડયો ત્યારે તેણે જરાપણ ખચકાયા વિના વિનમ્ર સ્વરે જાણતો નથી એવો નિખાલસ એકરાર પણ કરી લીધો.

છેવટે એ કમિશનના અધ્યક્ષનો વારો આવ્યો. અત્યાર સુધી તો તેનો ઈન્ટરવ્યુ સંતોષકારક રહયો હતો. પ્રશ્નો પૂછનારના ચહેરા પર ઉત્તર માટે સંતોષ ઝળકતો હતો. અધ્યક્ષે ગંભીર સ્વરે પૂછયું જવાન માની લે કે તુ જહાજમાં છે અને અચાનક તોફાન આવી ચડે તો શું કરીશ ?

યુવાને તરત જ ઉત્તર આપ્યો તો જહાજાને રોકીને તરત જ લંગર નાખી દઈશું.

જો ફરી પણ તોફાન આવી ચડે તો શું કરીશ ? અધ્યક્ષે તરત બીજો સવાલ છેડયો.

તો અમે બીજુ લંગર નાખી દઈશું. જુવાને પણ તુરંત જવાબ આપી દીધો.

અને જો ત્રીજું તોફાન આવી જાય તો શું કરશો ? એ યુવાન જવાબ આપતા બોલ્યો

' સાહેબ સ્વાભાવિક જ છે કે અમે ત્રીજું લંગર નાખી દઈશું '

આ પ્રશ્નોત્તરી સાંભળીને ઉપસ્થિત રહેલા અધિકારીઓ પણ વિસ્મયથી જોવા લાગ્યાં પેલા યુવાનની જવાબ આપવાની રીત તો એમણે પહેલેથી જ જોઈ લીધી હતી ને પ્રભાવિત થયા હતા. પરંતુ આ રીતે અધ્યક્ષ પ્રશ્નોની પરંપરા લંબાવ્યા રાખશે ને પેલો યુવાન લંગરની સંખ્યા વધારતો રહેશે તો આ ઈન્ટરવ્યુનો અંત કયારેય નહીં આવે. પણ ત્યાં જ અધ્યક્ષના ચહેરા ઉપર કંટાળો તરી આવ્યો એમણે અકળામણ અનુભવતા કહુ જવાન હવે તું મને એ કહીશ કે આટલાં બધા લંગર તું લાવીશ કયાંથી ?

## હાજર જવાબી

સાહેબ જયાંથી આપ આટલા બધા તોફાન લાવશો ત્યાંથી. જુવાને જરાય અચકાયા વિના જવાબ આપી દીધો.

ઈન્ટરવ્યૂ લેનારા સઘળા અધિકારીઓ એના જવાબથી સંપૂર્ણ સંતુષ્ટ હતા. એને બઢતી આપવાનો તત્કાળ નિર્ણય લેવાઈ ગયો.

એ હાજરજવાબી ને ઉત્સાહી યુવક હતા ભારતના છેલ્લા અંગ્રેજ વાઈસરોય બ્રિટિશ જળસેનાના એડમિરલ માઉન્ટબેટન

**સુવિચાર : ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. ડૉ. એ.પી.જી. કલામે કહયું. આપણી ભાવી પેઢીને આપણે કેટલા મંદિરો, મસ્જિદો, ગુરુદ્વારા કે દેવળ બાંધ્યા તે જાણવામાં રસ નહીં હોય. પણ આપણે તેમને સ્વસ્થ અને આબાદ દેશ સોંપીશુ તો આપણને કાયમ યાદ રાખશે.**

– સંકલન

**સોની સંદેશ ના માનનીય આજીવન સભ્ય,**

**જય માતાજી સહ આપ સૌને જણાવવાનું કે ઘણા વર્ષોથી મુંબઈથી પ્રસિધ્ધ થતા સમાજના મુખપત્ર સોની સંદેશ દ્વારા સમાજ ઉપયોગી માહિતી આપના સુધી પહોંચે છે. હાલ ડિજીટલ યુગ અને સગવડતાને ધ્યાનમાં રાખી સોની સંદેશને ડિજીટલ સ્વરૂપે મોકલવવાનું નકકી કરેલ છે. આપનો મોબાઈલ અને ઈમેઈલ આઈ–ડી સોની વાડીના મોબાઈલ નંબર 9324435547 અથવા sonisandesh1@gmail.com નંબર પર મોકલાવવા કરવા નમ્ર વિનંતી.**





# ગોર શ્રી ભરતભાઈ ડી. ભટ્ટ

**(પરજીયા સોનીના એક માત્ર કુળગોર)**

**દરેક પ્રકારનું ધાર્મિક કામ કરાવનાર તથા જ્ઞાતિના સંતાનો માટે**
**યોગ્ય સ્થાન બતાવનાર અને જ્યોતીષનું માર્ગદર્શન**

૧૦, કૃષ્ણ ભુવન, જે. એમ. રોડ, ભાંડુપ (વે), મુંબઈ–૪૦૦ ૦૭૮.

**મો.: ૯૮૨૦૧ ૬૪૦૦૭ / ૯૮૯૨૨ ૬૮૬૬૭**

**E-mail : bharatbhatt2549@yahoo.com**

*Shadows & Shades by:*
*Namrata Soni*

*Professional Makeup & Hair Artist*

*9920970829*

**Services :**
Bridal | Wedding Siders | Party
Sangeet | Baby Shower
Celebrity Makeup
Water Proof Makeup
Ads-Photoshoot | Events

**PRODUCTS USED**
DIOR / Bobby Brown / Tarte
/ Toofaced / Huda Beauty /
Myglamn / Nykaa/ Sehora

VIDHI DHAKAN
+91 8104177573
+91 9167951734

SONI VIDHI
MAKE OVERS

SONI VIDHI MAKEOVERS

PROFESSIONAL MAKEUP AND
HAIR ARTIST

- BRIDAL
- SIDERS
- PREWEDDING
- BABYSHOWER
- PARTY

DESTINATION SERVICE IS ALSO PROVIDED

SPECIAL OFFER FOR
**SONI COMMUNITY**

Sonividhi_makeovers

8104177573

## ''પાંચી''

કોઈ કારણસર હાઈવે ટ્રાફિક માટે બંધ હતો. ડાયવર્ઝનનું બોર્ડ મારેલું હતું. ડ્રાઈવરે ગાડી કાચા રસ્તે લીધી. રસ્તામાં ભરવાડ ઘેટાં–બકરા લઈને નીકળ્યો, સાંકડો રસ્તો હોય ગાડી થોભાવી પડી.

માલવિકામેડમની નજર નજીકના એક કાચા ગાર માટીના ઘર પર પડી. એક યુવતી દિવાલ પર સુંદર મજાના મોર, પોપટ અને ફૂલવેલનું ચિતરામણ ગળીથી કરી રહી હતી. ચિતરામણ પૂરું થયું એટલે આંગણું સાફ કરી શાકભાજી વાવેલા તે ક્યારા સાફ કરવા લાગી.

માલવિકામેડમને તે છોકરી પોતાના એકના એક હાવર્ડ યુનિવર્સિટીમાંથી હમણાં જ એમબીએ થઈને આવેલા અને પિતાના બિઝનેસમાં લાગેલ યુવાન પુત્ર મૌલિક માટે ગમી ગઈ.તેની પારખું નજરે જોયું કે આ છોકરી પાસા પાડ્યાં વગરનો હીરો છે. રસ્તો ખાલી થતાં ડ્રાઈવરે ગાડી આગળ લીધી. સાંજે કામ પતાવી પાછા ફરતાં પણ તે ઘર આગળથી નીકળ્યા ત્યારે પણ તે છોકરી કંઈક ભરત ભરી રહી હતી અને લોકગીત ગાઈ રહી હતી.

ઘરે આવીને તેમણે બધી વાત તેમના પુત્ર અને પતિને કરી. આપણા મૌલિક માટે મને તે છોકરી ગમી ગઈ છે. તે છોકરી આપણો બિઝનેસ અને ઘર બંને સંભાળી લેશે.

બીજે દિવસે માલવિકામેડમ તે છોકરી માટે પોતાના પુત્રનું માંગુ લઈને ગયા. તેનું નામ પાંચી હતું. તે ગરીબ ખેત મજુરની દીકરી હતી અને ચાર ધોરણ જ ભણેલી હતી. પાંચીના મા–બાપને થયું આટલા મોટા શેઠના એકના એક દીકરાને તો છોકરીવાળા માથે પડે. અમ ગરીબની ચાર ચોપડી ભણેલી પાંચી માટે સામું માગું લઈને આવ્યા છે. દીકરીના મા–બાપ તરીકે ચિંતા થઈ  કંઈ આડું અવળું તો નહીં હોયને? માલવિકામેડમે ધરપત આપી કે તમે અમારા માટે તપાસ કરી લો પછી જવાબ આપજો.

પાંચીના પિતાને કંઈ બનાવટ જેવું ન લાગ્યું. તેમણે આ સંબંધ માટે હા પાડી પણ શરત રાખી લગન તો મારા આંગણે મારી ત્રેવડ પ્રમાણે થશે. જાનમાં વીસ માણસો લઈને આવજો.

માલિકામેડમે હા પાડી. દેશના અતિ ધનાઢ્યના દીકરાના લગ્ન એક ખેત મજુરની દીકરી સાથે તેના જ આંગણામાં સાવ સાદાઈથી થયાં.

માલવિકામેડમે પાંચીને ક્યારેય કોઈ જાતની રોકટોક ન કરી.ત્રણ વર્ષમાં પાંચી એટલી તૈયાર થઈ ગઈ કે આજે બોર્ડ ઓફ ડિરેક્ટરની મિટિંગમાં બિઝનેસની, દેશ–વિદેશની સ્ટ્રેટેજી વિશે, ભાવિ આયોજન, નવા પરિવર્તન, સરકારી નીતિનિયમો વિશે વિદેશી મહેમાનોની સામે જ્યારે પોતાની વાત વિદેશી ભાષામાં તથા ફરાટેદાર અંગ્રેજીમાં કરી ત્યારે બધાએ ઊભા થઈને તાળીઓથી વધાવી. પાંચીમેડમની દૂરંદેશી અને કુનેહના ખૂબ વખાણ કર્યા.

માલવિકામેડમની પસંદગી માટે શેઠ અને મૌલિકને તો ક્યારેય કંઈ કહેવાપણું ન લાગ્યું. રાત્રે સેવન સ્ટાર હોટલમાં ડિનર પાર્ટીમાં ચાંદીના ડિનર સેટમાં જમ્યા. છુટા પડતી વખતે એક વિદેશી મહેમાને પાંચીના માતા–પિતાને મળવાની ઈચ્છા દર્શાવી. પાંચીએ કહ્યું,'ભલે, કાલે ચાર વાગ્યે જઈશું.'

બીજે દિવસે પાંચીએ તેમની માતાએ આપેલા સાવ સાદા કપડાં પહેર્યાં, હાથમાં બંગડીઓ પહેરી,કપાળમાં મોટો ચાંદલો કર્યો બી એમ ડબલ્યુ ગાડી ડ્રાઈવ કરીને પોતાના પિતાના ઘરે વિદેશી મહેમાનને લઈ ગઈ. એક કાચા ઘર આગળ ગાડી ઉભી રહી. પાંચીના માતા–પિતા વેવાઈને સામા આવ્યા, બે હાથ પકડી રામરામ કર્યા. ખાટલો ઢાળી માથે ગોદડું પાથરી બેસાડ્યાં, ખબર–અંતર પૂછ્યાં. એક ગરીબ ખેત મજૂર પાસે દુનિયાની કઈ વાત હોય! તે ઉમળકાથી ખેતરની, પોતાની ગાયની, વાડામાં વાવેલ ચીભડાં વગેરેની વાતો કરી.એક એલ્યુમિનીયમની કિટલીમાં ચા લાવી હાથમાં રકાબી આપી તેમાં ચા રેડી.ચા  લીંબુના પાંદડાં અને લીલી ચા ઉકાળીને બનાવેલ.ગાયતો વસુકી ગયેલ હોય દૂધતો ઘરમાં ક્યાંથી હોય!

વાતો કરતાં હતાં ત્યાં ગાય સુરાવા મંડી. ગાય વિંયાણી. પાંચીએ કછોટો વાળી અને ગાયને દોહી .બાજરાની ઘઉંરી ખવડાવી. ઓર ઉકરડે નાંખી આવી.ગમાણ સાફ કરી.ગાયને ધુમાળી કરી પછી પોતે નાહી ધોઈને તૈયાર થઈ ગઈ. મહેમાન તો જોતાં જ રહી ગયા.તેને થયું ક્યાં કાલની પાંચીમેડમ અને કયા આજની! તેને અહીં કશો નવો જ આધ્યાત્મિક અહેસાસ થતો હતો. તેને પોતાના વૈભવ  સુખ વામણા લાગવા મંડ્યા .

પાંચીના પિતાએ કહ્યું,ધ્વાળુંનો ટેમ થઈ ગયો છે તો વાળું કરીને જજો.દ કોઈ કાંઈ બોલે તે પહેલાં જ મહેમાને કહ્યું, 'હા... હા.. જમીને જઈશું.' જમવામાં બાજરીના રોટલા, તુરીયાનું શાક અને ડુંગળી જ હતાં.

પતરાવળીમાં જમીન ઉપર બેસીને જમ્યાં. મહેમાને આવો જમવાનો અમૃતનો સ્વાદ તેની જિંદગીમાં ક્યારેય નોદતો ચાખ્યો. જવા સમયે પાંચીના પિતાએ મહેમાન અને વેવાઈને દધડકીદ ભેટ આપી. પાંચીને ફાળિયાના છેડેથી ૧૦ ની નોટ કાઢીને આપી.

વિદેશી મહેમાને પાંચીના નાના ભાઈને બે હજારની પાંચ નોટ કાઢીને મોકલાણી આપવા ગયા તો પાંચીના પિતા કહે, 'દીકરીના ઘરનું ન લેવાય, અમારામાં અગરજ હોય.' ત્યારે વિદેશી મહેમાનને થયું સાચા શ્રીમંત તો આ લોકો છે. જ્યારે મારા વેવાયને ૫૦૦ કરોડની સહાય કરી, બેન્કમાંથી ૩૦૦ કરોડની લોન મારી શાખે  અપાવી દીધી તોય વેવાઈને વાકું પડ્યું. જ્યારે અહીં દીકરીના ઘરનું અગરજ હોય.

જતી વખતે એક વિદેશી મહેમાન જે અરબપતિ હતો તે એક સાવ ગરીબ ખેત મજુર એવા પાંચીના પિતાને ભેટીને રડી  પડ્યાં અને બોલ્યા, 'સાચા સુખી તો તમે જ છો.'

**સાભાર સહ**

**– રશ્મિ  સંપટ. મુંબઈ.**

## શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી
## તા. ૦૧–૦૮–૨૦૨૩ થી ૩૧–૦૮–૨૦૨૩ સુધી આવેલ ભેટની યાદી

### શ્રીમતી મધુબેન હરિભાઈ ધકાણ દુબઈ એજ્યુકેશન ફંડ

૧૧૧૧ / – મૂળ જામકાવાળા હાલ કાંદિવલી નિવાસી સ્વ ચંદ્રકાંતભાઈ ધકાણની ઉત્તરક્રિયા નિમિતે શિક્ષણ સહાયમાં અર્પણ હસ્તે : જમનાદાસભાઈ ઘુસાભાઈ સામતભાઈ ધકાણ

૪૫૦૧ /– મુળ ગામ હાલરીયા હાલ કાંદિવલી નિવાસી શ્રી વિજયભાઈ મામૈયાભાઈ ધાણકના માતૃશ્રી સ્વ કાંતાબેન મામૈયાભાઈ ધાણકની ઉત્તરક્રિયા નિમિતે તેમના દીકરી જયોત્સનાબેન, ર્નિમળાબેન, લલીતાબેન, મધુબેન, મનીષાબેન વિલાસબેન, ભાવનાબેન તરફથી દોઈત્તર નિમિતે શિક્ષણ સહાય ફંડમાં અર્પણ

### મેડીકલ સહાય ફંડ

૧૧૧૧ / – મૂળ જામકાવાળા સ્વ. ચંદ્રકાંતભાઈ ધકાણની ઉત્તર ક્રિયા નિમિતે મેડીકલ સહાય ફંડમાં અર્પણ હસ્તે : જમનાદાસભાઈ ઘુસાભાઈ સામતભાઈ ધકાણ

૧૦,૦૦૧ / – મૂળ સાતપડા હાલ કાંદિવલી નિવાસી ગં. સ્વ વિલાસબેન નરોત્તમભાઈ થડેશ્વરના સ્મરણાર્થે અધિક માસ નિમિતે મેડીકલ સહાય ફંડમાં અર્પણ. હસ્તે શ્રી સુમીતભાઈ નરોત્તમભાઈ થડેશ્વર

### ખુશીભેટ, વેવિશાળ, શુભલગ્ન, સીમંત, કર પ્રસંગે ભેટ

૧૫૫૦ /– ગામ ઘુઘરાળા હાલ બોરીવલી ચી. હર્ષિત અને આંચલના લગ્ન પ્રસંગે શ્રી જયંતીભાઈ માણસુરભાઈ થડેશ્વરના હસ્તે ખુશી ભેટ

૧૫૫૦ / – ગામ ઘુઘરાળા હાલ બોરીવલી ચી. હર્ષિત અને આંચલના લગ્ન પ્રસંગે શ્રીમતી જયોત્સનાબેન જયંતીભાઈ થડેશ્વરના હસ્તે ખુશી ભેટ

૧૦૦ /– એક જ્ઞાતિભાઈ તરફથી ખુશી ભેટ

### શ્રી સમસ્ત પરજિયા સોની મહાજન સેવા ટ્રસ્ટ
### તા. ૦૧/૦૭/૨૦૨૩ થી ૩૧/૦૭/૨૦૨૩

૨૧૦૦/– મૂળ માંગરોળ હાલ મીરા રોડ નિવાસી ગૌરવભાઈ મોહનભાઈ સતીકુંવરના માતૃશ્રી ભારતીબેન મોહનભાઈ સતીકુંવરના સ્મરણાર્થે મહાજન સેવા ટ્રસ્ટમાં અર્પણ

## મિત્રતા

મિત્રતા આપણા જીવનમાં એટલી અનિર્વાય છે જેટલી રોટી, કપડા અને મકાનની. મિત્રતા વિષય નથી પણ અનુભવની નિપજ છે. મિત્રતા એક જ એવો સંબંધ છે જે કોની સાથે કયારે થશે એનું કોઈ ગણિત નથી. એનું કોઈ પંચાંગ નથી હોતું. એની કોઈ તિથિ નથી હોતી. દોસ્તી થાય તો વિજળીના ઝબકારાની જેમ થાય. મિત્ર મરણ પામે છે પછી મૈત્રી તો કાયમ સ્મરણમાં ફૂલની ફોરમની જેમ રહેતી હોય છે. અને મોસમમાંથી પસાર થયા પછી જે ટકી રહે છે એ મૈત્રીનો વૈભવ છે. મૈત્રી તો હવા જેવી છે જે દેખાતી નથી પણ તેના વિના આપણને ચાલતું નથી. મિત્ર એટલે જેની સાથે વાત કરવા માટે કોઈ વિષય કે બહાનું નથી શોધવું પડતું નથી. પણ વાત આપમેળે ઉઘડતી આવે. જેને વારેવારે ખુલાસા ના કરવા પડે એ મિત્ર. જેની પાસે તમે એકરાર કરી શકો અને જેને કહેવું ન પડે કે આ વાત તું કોઈને કહેતો નહીં એ મિત્ર.

જન્મ અને મરણ સુધીમાં આયુષ્યની સળંગ યાત્રામાં જો એકાદ વ્યકિતને તમે મિત્ર ન બનાવી શકો તો તમારે સમજવું કે તમારામાં જ કંઈક ખૂટે છે. મિત્ર મોસમની જેમ બદલાતા નથી હોતા. કેવળ મળવું અને સતત મળતાં રહેવું એ મૈત્રી નથી. મિત્ર સાથે ન હોય ત્યારે એની સ્મૃતિ શિયાળાના તડકાની જેમ ઉઘડે અને કોઈ ન આપી શકે તેવી હુંફ આપે એ મૈત્રી છે.

શાળાના અભ્યાક્રમમાં દોસ્તી નામનો કોઈ વિષય શામિલ કરવામાં આવ્યો નથી. પરંતુ દોસ્તી એટલે શું ? એ તમે શિખ્યા ન હો તો તમે કાયમના અભણ રહેવાના.

કાળની કરચલી બધા પર પડે છે. પણ મૈત્રી પર પડતી નથી.

– સંકલન

ઉષા જયેશ ધકાન

**શ્રી હરી કલેકશન**

મુંબઈમાં સૌથી રીઝનેબલ ભાવનું બાંધણી કલેકશન કુર્તિ મટીરીયલ, ડ્રેસ મટિરીયલ, ઉપાડા સાડી, ઘરચોળા, ગજી સાડી, હેવી દુપટ્ટા, ગઢવાલ સાડી, ડિઝાઈનર સાડી, ચણિયા ચોળી મટિરીયલ, વગેરે માટેનું વિશ્વાસનીય સ્થળ


સોની સમાજ માટે વિશેષ છૂટ **આજે જ પધારો**

**સમય : સવારે ૧૦.૩૦ થી રાત્રે ૯.૦૦સુધી**

**બાંધણી સ્પેશીયલ સાડી, ડ્રેસ મટીરિયલ, કુર્તી મટીરિયલ, વગેરે**

સ્થળ : ૫, નિકિતા સી.એચ. એસ. લિમીટેડ, હરિશંકર જોષી રોડ, મધુરમ હૉલ પાસે, દહિસર (પૂર્વ), મુંબઈ – ૪૦૦૦૬૮. +91 98671 01734 E mail: shree_hari_collection

આઈટી ડિપ્લોમા કોર્સ માટેના અમુક પુસ્તકો સોની વાડીમાં ઉપલબ્ધ છે. કોઈને જરૂર હોય તો મેળવી શકે છે.






# N. H. Beauty Saloon

Beautician : Rakhee Hitesh Satikuvar

✆ 99309 09411 / 79773 34312

Specialist in Bridal Make-up & Siders

Add.: 401/4th, Shanti Sadan, Dadabhai Road,
Vile Parle (West), Mumbai-400056.

## પથરી (સ્ટોન) ની દવા

સર્વ જ્ઞાતિજનોને જણાવવાનું કે જેમને પથરી (સ્ટોન) ની તકલીફ હોય એમને વિના મુલ્યે દવા આપવામાં આવશે.

સપર્ક : જીતુભાઈ સુરૂ – મોબાઈલ ૯૮૧૯૪૮૦૭૬૭

## ★ ★ સોની સંદેશ જાહેરાતના નવા દર... ★ ★

**કલર પેજ એક અંકના – ફૂલ ₹3200/= આખા વર્ષના કલર પેજ – ₹ ૩૮૪૦૦/=**
**હાફ કલર પેજ એક અંકના – ₹ ૧૮૦૦/= આખા વર્ષની – ₹ ૨૧૬૦૦/=**
**બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ એક અંકના – ₹ ૧૮૦૦/=**
**આખા વર્ષની બ્લેક-વ્હાઈટ – ₹ ૨૧૬૦૦/=**
**હાફ પેજ એક અંકના ૧૦૦૦ આખા વર્ષના – ₹ ૧૨૦૦૦/=**
**એક અંકના કવાર્ટર પેજ – ₹ ૬૦૦/=**

| * ટચુકડી જાહેરાત * | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૨૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૦૦/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૨૫/- અંક દીઠ |

| * ટચુકડી જાહેરાત * | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૩૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૨૫/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૭૫/- અંક દીઠ |

**અર્ધા પેજ કે ક્વાર્ટર પેજની જાહેરાત ફેરફારો ને આધીન રહેશે.***
**જાહેરાતના દરમાં ૧૮% GST અલગથી લાગશે.**


*condition apply.

| FOR DONATION FROM FOREIGN | | | |
|---|---|---|---|
| | **For USD** | **For USD** | **For GBP** |
| INTERMEDIARY | Bank of Baroda, | Bank of Baroda, | Bank of Baroda, |
| BANK | New York Branch | Brussels Branch | London Branch |
| SWIFT Code | BARBUS33 | BARBBEBB | BARBGB2L |

| | |
|---|---|
| Account with Institution SWIFT Code | Bank of Baroda, Business Financial Services Branch, Kandivali, Mumbai BARBINBBIBK |

| **Name with Address** | |
|---|---|
| Account Name | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society |
| Account Number | : 20260100023592 |

| Bank Name | FOR DONATION IN INDIA |
|---|---|
| **SBI Bank** | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society<br>: A/c No. : 67350110697 Borivali (W) Br.<br>IFSC : SBIN0070693 |
| **UBI Bank** | : A/c No. : 316101010701018 Borivali (W) Br.<br>IFSC : UBIN0531618 |
| **Kotak Bank** | : A/c No. : 7612109244 Borivali (W) Br.<br>IFSC : KKBK0001357 |



## સ્વ. શ્રી નારણદાસ ધનજીભાઈ સુરૂ

(દાઠા) હાલ કાંદીવલી

### સ્વર્ગવાસ : ૧૫-૦૮-૨૦૨૩

''તમારા આશિષ થી અમે સફળ બન્યા,
આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા,
આપનો પ્રેમ કદી ખુટશે નહી ખોટ આપની કદી પુરાશે નહી''
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચીર શાંતિ અર્પે એજ પ્રાર્થના

**ધર્મપત્ની** : સ્વ. હેમલતાબેન નારણદાસ સુરૂ

**દીકરી** : રેખાબેન કિશોરભાઈ થડેશ્વર

**પુત્ર** : જીતેન્દ્રભાઈ નારણદાસ સુરૂ **પુત્રવધુ** : કિરણબેન જીતેન્દ્રભાઈ સુરૂ

**પુત્ર** : મહેશભાઈ નારણદાસ સુરૂ **પુત્રવધુ** : દક્ષાબેન મહેશભાઈ સુરૂ

| પૌત્ર : | પૌત્રવધુ : |
|---|---|
| મનીષ જીતેન્દ્ર સુરૂ | આભા મનીષ સુરૂ |
| જય જીતેન્દ્ર સુરૂ | રીધ્ધી જય સુરૂ |
| માનવ મહેશ સુરૂ | |

## દાઠાવાળા પરિવારના
## જય શ્રી કૃષ્ણ

PARAJIYA SONI SANDESH (Monthly) • SEPT 2023 • R.N.I. No. MAHGUJ/2008/26726 • Postal Regn.No. MNW/85/2022-2024
Patrika Channel Sorting Office: Mumbai - 400 001 on 20th of every month • Date of Publication & Posting 20th of every month

॥ જય શ્રી મોંમાઈ મા ॥

# 'સોની સંદેશ' નિભાવ ફંડના સહયોગી દાતા





## સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ
## સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

(જામકાવાળા) ના પુણ્ય સ્મરણાર્થે



હસ્તે

**શ્રી મહેન્દ્રભાઈ બાબુભાઈ ધકાણ**

જામકાવાળા (હાલ દુબઈ)

From :

**શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી**

સંચાલિત

**પરજિયા સોની સંદેશ**

શિંપોલી ક્રોસ લેન, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૯૨. ફોન : ૨૮૯૮ ૩૯૦૫ / ૨૮૯૯ ૯૦૯૭

TO,